JY | YASH K. POTA | G/1227/2003 | JITENDRA K. BHANUSHALI | KRISHNAKUMAR B. JOSHI | RANJEE M. DAFDA | HIMANSHU M. SURYAVANSHI | ADVOCATES

| | | |
|---|---|---|
| Anjar Office | O. 18 \| 1st floor \| Shree Centre \| Near Telephone Exchange \| Besides Town Hall \| Anjar \| Kutch \| Gujarat \| 370110 | 1 of 9 |
| Gandhidham Office | O. 9 \| 1st floor \| Shah Avenue - II \| Plot no. 213 \| Ward 12B \| Old Police Station Road \| Gandhidham \| Kutch \| Gujarat \| 370201 | |
| Contact us | Mo. 88 66 77 11 71 \| 97237 06518 \| office.advocatepota@gmail.com | |


**તા. ૦૪-૦૮-૨૦૨૩**

**પ્રતિ,**

**રોયલ બિલ્ડસ્પેસ એલ. એલ. પી.**

રજી. ઓફીસ સરનામું : ઓફીસ નં. ૧, પ્લોટ નં. ૧૭૦,

ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર - ૧/એ, ગાંધીધામ - કચ્છ.

**બાબત : ટાઇટલ ક્લિયરન્સ સર્ટીફીકેટ**

ગામ શિણાય, તા. ગાંધીધામ - કચ્છ મધ્યે આવેલી બિનખેતી જમીન **રેવેન્યુ સર્વે નં. ૨૨૦, ક્ષેત્રફળ ૨૦,૨૩૪ ચો. મી.** વાળી મિલકત કે જે **"રોયલ ઓર્ચડ ફેસ - ૪"** તરીકે ઓળખાય છે (કે જેને હવેથી સરળતા અને ટુંકાણ ખાતર **"સદરહુ જમીન / મિલકત"** તરીકે સંબોધવામાં આવશે) રેકર્ડ આધારીત ટાઇટલ ચકાસી તેમજ સબ - રજીસ્ટ્રાર કચેરીમાથી સર્ચ કરી, તે બાદ ટાઇટલ કલિયર જણાય તો તે બાબતનું ક્લિયરન્સ સર્ટિફિકેટ ઇશ્યુ કરવા મને આપના એટલે કે **રોયલ બિલ્ડસ્પેસ એલ. એલ. પી. - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અધિકૃત સહીકર્તા દિપક પ્રકાશ ચંદનાની** (જેમને હવેથી આ સર્ટિફિકેટ / રીપોર્ટમાં સરળતા અને ટુંકાણ ખાતર **"સદર માલિક"** તરીકે સંબોધવામાં આવશે) તરફથી વિનંતી થયેલી છે. આપના તરફથી થયેલી વિનંતી અન્વયે આપના તરફથી પુરા પાડવામાં આવેલા પેપર્સ તપાસવામાં આવેલા છે. આ ચકાસણી અન્વયે જે તારણો મળેલા છે તે હવે પછી વર્ણન કરવામાં આવે છે.

Yash K. Pota • Advocate • Anjar-Kutch • G/1227/2003

JY | YASH K. POTA | G/1227/2003 | JITENDRA K. BHANUSHALI | KRISHNAKUMAR B. JOSHI | RANJEE M. DAFDA | HIMANSHU M. SURYAVANSHI | ADVOCATES

| | | |
|---|---|---|
| *Anjar Office* | O. 18 \| 1st floor \| Shree Centre \| Near Telephone Exchange \| Besides Town Hall \| Anjar \| Kutch \| Gujarat \| 370110 | *2 of 9* |
| *Gandhidham Office* | O. 9 \| 1st floor \| Shah Avenue - II \| Plot no. 213 \| Ward 12B \| Old Police Station Road \| Gandhidham \| Kutch \| Gujarat \| 370201 | |
| *Contact us* | *Mo. 88 66 77 11 71 \| 97237 06518* \| office.advocatepota@gmail.com | |


**<u>તપાસવામાં આવેલા પેપર્સ :</u>**

- જુના ગામ નમુના નં. ૬, બંધ રેકર્ડની હક્કપત્રકની નોંધ નં. ૨૫૭ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૩૧૨ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૪૨૩ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૩૬૬૮ ની ખરી નકલ.
- કલેક્ટર, કચ્છના બિનખેતી હુકમ નં. ૨૧૯/૦૧/૧૦/૦૦૪/૨૦૨૩, તા. ૧૦-૦૨-૨૦૨૩ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૩૦૦૫ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૩૦૦૭ ની ખરી નકલ.
- સદરહુ મિલકતના પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ.
- રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૧૯૧, તા. ૦૪-૦૩-૨૦૨૩ વાળાની ખરી નકલ.
- સીટી સર્વેના હક્કપત્રકની નોંધ નં. ૧૭૦ ની ખરી નકલ.
- સર્ચ અંગેની રસીદ અનુક્રમ નં. ૨૧૩૩, તા. ૦૮-૦૬-૨૦૨૩ વાળી અસલ.
- ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી, આદિપુર તરફથી આપવામાં આવેલ પરમીશન નં. ૫૫૬૭૨/એલ. પી. ઇશ્યુડ અંડર નં. ૧૬ -જી.ડી.એ.(૧૬૨૧)/૨૦૨૩, તા. ૧૨-૦૬-૨૦૨૩ વાળાની ખરી નકલ.
- સદરહુ મિલકતનું લે –આઉટ પ્લાનની ખરી નકલ.

Yash pota.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

<u>**દસ્તાવેજી આધારો મુજબનો પુર્વઈતિહાસ :**</u>

૧. સદરહુ મિલ્કત મુળ જુના રેવન્યુ સર્વે નં. ર૬૦ તરીકે આવેલી હતી અને બલદાણીયા શિવજી, વિશ્રામ તથા તુલસીદાસ મેઘજીને ઈનામ નાબુદી ધારાની કલમ - ૭ (૧) તળે મંજુર થયેલ મિલકત હતી. આ અન્વયેની જુના ગામ નમુના નં. ૬, બંધ રેકર્ડની હક્કપત્રકની નોંધ નં. ર૫૭ વાળી પાડવામાં આવેલી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

ર. જયારે બોમ્બે લેન્ડ રેવેન્યુ કોડ તથા તે હેઠળના નિયમો આ વિસ્તારને લાગુ કરી, જુનું રેકોર્ડ રીપ્લેસ કરવાના હેતુસર રાજ્ય સરકાર તરફથી હક્કચોકસી અંગેની પ્રક્રીયા હાથ ધરી નવી અને વૈજ્ઞાનિક પદ્ધતિની જમીન માપણી કરવામાં આવેલી ત્યારે સદરહુ જમીનને નવા સર્વે નં. રર૦, ક્ષે. એકર ૫-૦૦ ગુંઠા કાયમ કરી બલદાણીયા શિવજી, વિશ્રામ તથા તુલસીદાસ મેઘજી જુના વખતના ખાલસા જમીનના ધારણ કરનાર હોવાનું નોંધી સદર મિલકત તેઓના સંયુક્ત કબ્જા – ભોગવટા તથા માલિકીની આવેલી હોવાનું નોંધી ગામ નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૩૧ર વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૩. ત્યારબાદ ઉપરોક્ત સહ માલિકો તરફથી સદરહુ મિલકત તથા તેમની માલિકીની આવેલ અન્ય ખેતીની મિલકતો બાબતે ભાઈઓ ભાગની વહેંચણી કરવાનું નક્કી કરતા તે અન્વયે તેમના વચ્ચે થયેલ અરસ – પરસ કૌટુંબિક સમજુતી અન્વયે સદરહુ મિલકત તુલસીદાસ મેઘજી બલદાણીયાના હક્કે અને ભાગે આવેલ. ઉપરોક્ત વહેંચણીની રેવેન્યુ રેકર્ડમાં અસર આપવાના હેતુસર ગામ નમુના નં. ૬, હક્કપત્રકમાં

Yasus pota.

Yash K. Pota
G/1227/2003
Advocate • Anjar-Kutch

નોંધ નં. ૪૨૩ વાળી પાડી તા. ૧૩-૦૪-૧૯૭૯ ના રોજ યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ મિલકતના પ્રત્યક્ષ માલિક અને કબજેદાર તે તુલસીદાસ મેઘજી બલદાણીયા બનેલ અને સદરહુ મિલકત રેવેન્યુ રેકર્ડમાં તેમના સ્વતંત્ર નામે નોંધવામાં આવેલ.

૪. ત્યારબાદ સદર તુલસીદાસ મેઘજી બલદાણીયાનું બિનવસીયતી અવસાન થતા સદરહુ મિલ્કત તેમના વારસો તે (૧). કુંવરબેન તુલસીદાસ બલદાણીયા – પત્ની, (૨). જમીબેન ઉર્ફે જમનાબેન તુલસીદાસ બલદાણીયા – પુત્રી, (૩). કેશવજી તુલસીદાસ બલદાણીયા – પુત્ર તથા (૪). શાંતીલાલ તુલસીદાસ બલદાણીયા – પુત્રના સંયુક્ત હક્કે અને ફાળે આવેલ. ઉપરોક્ત વારસાઈ બાબતની રેવેન્યુ રેકર્ડમાં અસર આપવાના હેતુસર ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૩૬૬૮ વાળી પાડી તા. ૨૬-૧૦-૨૦૦૬ ના રોજ યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ મિલકતના સંયુક્ત માલિક તથા કબજેદાર તે (૧). કુંવરબેન તુલસીદાસ બલદાણીયા, (૨). જમીબેન ઉર્ફે જમનાબેન તુલસીદાસ બલદાણીયા, (૩). કેશવજી તુલસીદાસ બલદાણીયા તથા (૪). શાંતીલાલ તુલસીદાસ બલદાણીયા બનેલ અને સદરહુ મિલકત રેવેન્યુ રેકર્ડમાં તેમના સંયુક્ત નામે નોંધવામાં આવેલ.

૫. ત્યારબાદ (૧). કુંવરબેન તુલસીદાસ બલદાણીયા, (૨). જમીબેન ઉર્ફે જમનાબેન તુલસીદાસ બલદાણીયા, (૩). કેશવજી તુલસીદાસ બલદાણીયા તથા (૪). શાંતીલાલ તુલસીદાસ બલદાણીયા તરફથી સદરહુ મિલ્કતને બિનખેતીમાં ફેરવવાનું આયોજન કરતા તે અન્વયે તેમના તરફથી જરૂરી અરજી ઓનલાઇન પધ્ધતિથી કલેક્ટર, કચ્છ સમક્ષ કરેલી. આ અરજી અન્વયે થયેલી જુદી - જુદી તપાસ અને ઇન્કવાયરીને અંતે

Yash pota.

Yash K. Pota
G/1227/2003
Advocate • Anjar-Kutch

કલેક્ટર, કચ્છ તરફથી તેમના હુકમ નં. ૨૧૯/૦૧/૧૦/૦૦૪/૨૦૨૩, તા. ૧૦-૦૨-૨૦૨૩ વાળાથી અરજી મંજુર કરી ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ – ૬૫ હેઠળ મલ્ટીપર્પસ (બહુહેતુક ઉપયોગ) માટે પરવાનગી આપવાનો હુકમ ફરમાવેલો છે. આ બિનખેતી હુકમની રેવેન્યુ રેકર્ડમાં અસર આપવાના હેતુસર ગામ નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૩૦૦૫ વાળી પાડી તા. ૨૧-૦૨-૨૦૨૩ ના રોજ યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલ. આમ, સદરહુ સમગ્ર ખેતીની મિલકતને બિનખેતીમાં ફેરવવામાં આવેલ છે.

૬. ત્યારબાદ સદરહુ મિલકત બિનખેતી સ્વરૂપમાં ફેરવાઈ ગયેલી હોઈ તે અન્વયે ગામ નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૩૦૦૫ વાળી પાડી અને યોગ્ય રીતે પ્રમાણિત થયેલ હોતા સદરહુ મિલકતના ગામ નમુના નં. ૭/૧૨ ના પાનીયા બંધ કરવાની પ્રક્રિયા કરી સદરહુ મિલકતનું પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવેલ. આ બાબતની રેવેન્યુ રેકર્ડમાં અસર આપવાના હેતુસર ગામ નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૩૦૦૭ વાળી પાડી તા. ૨૧-૦૨-૨૦૨૩ ના રોજ યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલ. આમ, સદરહુ બિનખેતી મિલકતના ગામ નમુના નં. ૭/૧૨ ના પાનીયા બંધ કરી તેનું પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી સદરહુ મિલકતનું સીટી સર્વે કચેરી, અંજારમાં સમાવેશ કરવામાં આવેલ છે અને સદરહુ મિલકતને સીટી સર્વે વોર્ડ : શીણાય (બિનખેતી), શીટ નં. NA૯૯, સીટી સર્વે નં. NA૨૨૦ વાળા આપવામાં આવેલ છે.

૭. ત્યારબાદ સદરહુ બિનખેતી મિલકત (૧). કુંવરબેન તુલસીદાસ બલદાણીયા, (૨). જમીબેન ઉર્ફે જમનાબેન તુલસીદાસ બલદાણીયા, (૩). કેશવજી તુલસીદાસ બલદાણીયા તથા (૪). શાંતીલાલ તુલસીદાસ બલદાણીયા વેંચાણ કરવા માંગતા

Yash pota.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

હોઇ તેમની પાસેથી તા. ૦૪-૦૩-૨૦૨૩ ના રોજે સબ રજીસ્ટ્રાર, ગાંધીધામ સમક્ષ રજુ કરી તે કચેરીની ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૨૧૯૧ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી હાલના માલિક તે રોયલ બિલ્ડસ્પેસ એલ. એલ. પી. - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અધિકૃત સહીકર્તા દિપક પ્રકાશ ચંદનાનીએ અઘાટ વેંચાણ મેળવેલ. આ અન્વયે સીટી સર્વે કચેરીના હક્કપત્રકમાં નોંધ નં. ૧૭૦ વાળી પાડી તા. ૦૯-૦૫-૨૦૨૩ ના રોજ યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલ. આમ, સદરહુ મિલ્કતના માલિક તથા કબ્જેદાર તે રોયલ બિલ્ડસ્પેસ એલ. એલ. પી. - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અધિકૃત સહીકર્તા દિપક પ્રકાશ ચંદનાની બનેલ અને સદરહુ મિલ્કત સીટી સર્વેના માલિકીના રેકર્ડમાં તેમના નામે નોંધવામાં આવેલ.

૮. ત્યારબાદ ઉપરોક્ત માલિક તરફથી સદરહુ બિનખેતી મિલકતનું જરૂરી લે - આઉટ પ્લાન તૈયાર કરાવી તે પ્લાન અંગે જરૂરી પરવાનગી મેળવવા ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી, આદિપુર સમક્ષ રજુ કરતાં તે કચેરી તરફથી જરૂરી તપાસ તથા ઈન્ક્વાયરી બાદ તેમની પરમીશન નં. ૫૫૬૭૨/એલ. પી. ઇશ્યુડ અંડર નં. ૧૬ - જી.ડી.એ.(૧૬૨૧)/૨૦૨૩, તા. ૧૨-૦૬-૨૦૨૩ વાળાથી સદર લે - આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે અને તે રીતે સદરહુ મિલકત રેવેન્યુ સર્વે નં. ૨૨૦, ક્ષેત્રફળ ૨૦,૨૩૪ ચો. મી. વાળી પૈકી રહેણાંક હેતુના કુલ્લ પ્લોટ – ૧૭ (પ્લોટ નં. ડી/૧ થી ડી/૧૭), ક્ષેત્રફળ ૧૧,૭૩૧.૬૩ ચો. મી. કોમર્શીયલ હેતુનો પ્લોટ – ૧, કુલ્લ ક્ષેત્રફળ ૧,૮૯૪.૯૭ ચો. મી., આંતરીક રોડ – રસ્તા, સાર્વજનીક હેતુના પ્લોટ તથા ખુલ્લી જમીન માટે ક્ષેત્રફળ ૪,૨૮૬.૪૦ ચો. મી. તથા ડી. પી. રોડ માટે જમીન ક્ષેત્રફળ ૨,૩૨૧ ચો. મી. જેટલી જમીન માટેનો લે – આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે.

Yash pota.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

૯. આ ઉપરાંત વધુ ખરાઈ કરવાના હેતુસર સબ - રજીસ્ટ્રાર, ગાંધીધામની કચેરીમાં છેલ્લા ૩૩ વર્ષની દસ્તાવેજોની સર્ચ કરવામાં આવેલી હતી જેનાથી કોઈ અન્ય બોજા, હક્કો નથી તેવી ખરાઈ કરી શકાય. આ સર્ચ કરવાની ફી ભરપાઈ કરી, તે અંગેની રસીદ નં. ૨૧૩૩, તા. ૦૮-૦૬-૨૦૨૩ વાળી મેળવી તે રોજે સદર મિલકતના રેકર્ડની સર્ચ કરવામાં આવેલી. પરંતુ તેમાથી એવો કોઈ દસ્તાવેજ જે સદર માલિકના હક્ક કે ટાઇટલ વિરૂધ્ધનો હોય તેવો જણાયેલો નથી. તે રીતે ઉપરોક્ત સર્ચ મુજબ પણ કોઈ અન્ય હક્ક કે બોજો ન હોવાનું સ્પષ્ટ થયેલું છે.

આમ, પુરા પાડવામાં આવેલ પેપર્સ તથા સબ - રજીસ્ટ્રાર, ગાંધીધામની કચેરીમાં કરવામાં આવેલ દસ્તાવેજોની સર્ચ મુજબ સદર મિલકતનું સંપુર્ણ રેકર્ડ તથા ઉપરોક્ત પુર્વ ઈતિહાસ ચકાસતાં ક્લિયર અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું તેમજ બોજારહિત એટલે કે એંકમ્બરન્સ વિનાની હોવાનું સ્પષ્ટ છે અને તે રીતેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

Yash pota

યશ કે. પોટા,
એડવોકેટ

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**
**અરજી પહોંચ**

મિલ્કત નું વર્ણન : survey no 220

Search in : Sinay/SINAY

| પહોંચ નંબર | ૨૦૨૩૦૪૫૦૦૦૦૮૩૩૪ | અરજી નંબર | ૨૧૩૩ | અરજી વર્ષ | ૨૦૨૩ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૮ | માહે | જુન | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ YASH K POTA

ટ્રાન્જેક્સન નંબર 20230608981436602

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.................................................................. | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો..................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી................................................. | |
| ટપાલ ખર્ચ......................................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )............................ | |
| શોધ અગર તપાસણી.....................વર્ષ : 1990 થી 2007 | ૧૯૦.૦૦ |
| દંડ કલમ-૨૫..................................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો................................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ..................................................................... | |
| અન્ય ફી ........................................................................... | |

| કુલ એકંદરે રૂ. | ૧૯૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો નેવું પુરા

Seal of the Sub-Registrar ★ Gandhidham ★

Nileshkumar Bhagavanbhai Chaudhari
સબ રજીસ્ટ્રાર
ગાંધીધામ

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

**મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)**

Search in : yash pota અરજી નંબર : 8022023642126 ગામ નું નામ : SINAY મિલકતનો પ્રકાર: Non-Agriculture

Search Year : 2007 - 2023 મિલકતનું વર્ણન: Survey No : 220

દસ્તાવેજની આ શોધ S.R.O - Gandhidham મા 17 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલ્બધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ શોધમા તા 08-06-2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| કબુલાતનો લેખ<br>રૂ।.0.00 | રે સ નં 220<br>હે 2-02-34 પ્રતિ આરે<br>કટકી<br>કબુલાત નો લેખ | | | સારદાબેન ગોપાલભાઇ હડીયા ડો/ઓ તુલસીદાસ બલદાણીયા ના એકમાત્ર સીધી લીટીના વારસદાર પુત્રી મીનાબેન નરેશભાઇ બાંભણીયા | | 21-05-2022<br>21-05-2022 | 4958 | |

ઈ --પેમેન્ટ ટ્રાન્ઝેકશન ID No.20230608239410131 તા 08-06-2023 થી મળેલ છે.

Search by : સબ-રજીસ્ટ્રાર Nileshkumar Bhagavanbhai Chaudhari

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

**મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)**

Search in : yash pota અરજી નંબર : 8022023642126 ગામ નું નામ : SINAY મિલકતનો પ્રકાર: Non-Agriculture

Search Year : 2007 - 2023 મિલકતનું વર્ણન: Survey No : 220

દસ્તાવેજની આ શોધ S.R.O - Gandhidham મા 17 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલ્બધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ શોધમા તા 08-06-2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂ।.9110000.00 | રે સ નં 220<br>ક્ષે 20234.00 ચો મી<br>બિનખેતી રહેણાંક હેતુ | | | કુંવરબેન તુલસીભાઈ બલદાણીયા<br>જમીબેન ઉર્ફે જમનાબેન D/O તુલસીદાસ બલદાણીયા W/O નાનજીભાઈ વાઘમશી<br>કેશવજી તુલસીદાસ બલદાણીયા<br>શાંતિલાલ તુલસીદાસ બલદાણીયા | રોયલ બીલ્ડસ્પેસ એલએલપી | 04-03-2023<br><br>04-03-2023 | 2191 | |

ઈ –પેમેન્ટ ટ્રાન્ઝેકશન ID No.20230608239410131 તા 08-06-2023 થી મળેલ છે.

Search by : સબ-રજીસ્ટ્રાર Nileshkumar Bhagavanbhai Chaudhari

શોધ ફી 180.00

EC. ફી 100

THE SEAL OF THE SUB REGISTRAR GANDHIDHAM

નોંધ: આ બોજાપત્રક આપનાર સબરજીસ્ટ્રાર કચેરી તેની વિગતોની ચોકસાઈ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી. તેમજ નુકશાની માટેના કોઈપણ હકદાવા માટે જવાબદાર રહેશે નહી. સીસ્ટમ જનરેટેડ બોજાપત્રક (Encumbrance Certificate)હોવાથી સહી કરેલ નથી તેમજ નકલમાં કોઇ ફેરફાર/ચેડાં કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો છે. આ અંગે કોઈ વિસંગતા કે વિવાદ વખતે અસલ રેકર્ડ માન્ય ગણાશે.